# રાજ્યમાં પેટાચૂંટણી માટે પ્રચાર પરાકાષ્ટાએ

## છ સીટની પેટાચૂંટણીને લઇને પ્રચાર હવે ચરમસીમા પર : ૨૧મી ઓક્ટોબરના દિવસે પેટાચૂંટણી માટે મતદાન થશે : જીતવા માટે ભાજપ-કોંગ્રેસે સંપૂર્ણ તાકાત લગાવી : ભાજપના ગઢમાં ગાબડા પાડવા કોંગ્રેસ સજ્જ : ૧૧ દસ્તાવેજો પૈકી કોઇ એક સાથે મતદાન થઇ શકશે

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં વિધાનસભાની પેટાચૂંટણીને લઈને રાજકીય ગરમી ચરમસીમા પર પહોંચી ચુકી છે. ગુજરાતમાં પણ ૨૧મી ઓકટોબરના દિવસે છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન યોજાનાર છે. બેઠકો પર જીત મેળવવા માટે ભાજપ અને કોંગ્રેસે સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. લોકસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ અને સંપૂર્ણપણે સપાટો બોલાવ્યા બાદ ભારતીય જનતા પાર્ટી સામે તમામ છ બેઠકો જાળવી રાખવા માટે દબાણ રહેશે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી ભારતીય જનતા પાર્ટીના ગઢમાં ગાબડા પાડવા માટે લડાયક છે. લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીના પરિણામો હંમેશા જુદા પ્રકારના રહે છે. આ બાબતની નોંધ લઈને કોંગ્રેસ પાર્ટીએ પણ તમામ તાકાત લગાવી છે. બંને પાર્ટીઓ દ્વારા જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ મતદારો પણ તેમના મતાધિકારનો ઉપયોગ કરીને પસંદગીના ઉમેદવારને જીત અપાવવા માટે ઉત્સુક બન્યા છે. વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પ્રચાર હવે ચરમસીમા પર છે અને આવતીકાલે ચૂંટણી પ્રચારનો અંત આવશે. વિધાનસભા અને લોકસભા સામાન્ય ચૂંટણી કે પેટા ચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ રજુ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહે છે. ભારતનાં ચૂંટણી આયોગે તેઓના તા. ૧૨/૧૦/૨૦૧૯ના પત્રથી સ્પષ્ટ કર્યુ છે કે, રાજ્યમાં તા.૨૧/૧૦/૨૦૧૯ના રોજ યોજાનાર ૦૮-થરાદ, ૧૬-રાધનપુર, ૨૦-ખેરાલુ, ૩૨-બાયડ, ૫૦-અમરાઈવાડી તથા ૧૨૨-લુણાવાડા વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી-૨૦૧૯માં ફક્ત 'ફોટો સાથેની મતદાર કાપલી' એકલી મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવા ઉપયોગમાં લઈ શકાશે નહી. મતદારો મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં નીચે જણાવ્યા મુજબનાં ૧૧ દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજુ કરી મતદાન કરી શકશે એમ, રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવાયું છે. જે અગિયાર દસ્તાવેજો પૈકી કોઈપણ એક દસ્તાવેજ રજૂ કરવાના છે, એમા પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, કેન્દ્ર/ રાજ્ય સરકાર, જાહેર સાહસ, પબ્લિક લીમીટેડ કંપનીઓ તરફથી તેમના કર્મચારીઓને આપવામાં આવતા ફોટા સાથેના ઓળખકાર્ડ, બેંક/ પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક, પાન કાર્ડ, નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર હેઠળ આરજીઆઈ દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ, એમએનઆરઈજીએ હેઠળ આપવામાં આવેલ જોબ કાર્ડ, શ્રમ મંત્રાલય તરફથી આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમના ફોટા સાથેના સ્માર્ટ કાર્ડ, ફોટા સાથેના પેન્શન દસ્તાવેજો, સંસદ સભ્યો/વિધાનસભ્યો/ વિધાન પરિષદના સભ્યોને આપવામાં આવેલ અધિકૃત ઓળખકાર્ડ અને આધારકાર્ડનો સમાવેશ થાય છે. બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી થયેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત ''અસલ પાસપોર્ટ'' રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે એમ વધુમાં જણાવાયું છે.

# ધાનેરા નગરપાલિકા ખાતે પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

### સેવાસેતુમાં ભાજપના એકપણ અગ્રણી કે સદસ્ય હાજર ન રહેતા અનેક તર્ક વિતર્ક

ધાનેરા નગરપાલિકા દ્વારા પાંચમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાલિકાના સદસ્ય



અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

બધી જ સુવિધા લોકોને એક જ જગ્યાએ મળી રહે તે માટે સરકાર દ્વારા સેવાસેતુ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અને સેવાસેતુ કાર્યક્રમ શહેરી વિસ્તાર તેમજ ગ્રામીણ વિસ્તારમાં કરવામાં આવે છે અને સેવાસેતુ કાર્યક્રમ માં વિવિધ કચેરીના અધિકારીઓ હાજર રહી લોકોના પ્રશ્નોનો તાત્કાલિક નિરાકરણ લાવે છે ત્યારે આજે ધાનેરા શહેર કક્ષાનો નગરપાલિકા દ્વારા પાંચમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતોતો બીજી તરફ ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા લોકોના હિત માટે સવાલ ઉઠાવવામાં આવ્યા હતા અને સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ધાનેરામાં લોકો માત્ર આધાર કાર્ડ માટે કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે છતાં પણ લોકોના આધાર કાર્ડ ના પ્રશ્નો નું નિરાકરણ નથી આવતો આજે અહીંયા પણ આધાર કાર્ડ વિભાગ માંથી એક પણ કર્મચારી હાજર નથી. ભાજપ સરકાર દ્વારા લોકો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે આજના સેવાસેતુ કાર્યક્રમમાં ભાજપના એક પણ અગ્રણી પાલિકાના સદસ્ય ના જોવા મળતા લોકોમાં અનેક તર્ક-વિતર્ક જોવા મળ્યા હતા આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ યુસુફખાન પઠાણ ચીફ ઓફિસર સદ્દામ અન્સારી પાલિકા પૂર્વ પ્રમુખ બળવતજી બારોટ બાંધકામ સમિતિના ચેરમેન જયેશભાઈ સોલંકી કારોબારી સમિતિના ચેરમેન ઈશ્વરભાઈ ચૌધરી નાયબ મામલતદાર મોડસિંહ રાજપુત સહિત કોંગ્રેસ પક્ષના પાલિકા સદસ્યો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



**ધાનેરાનું વિદ્યુત બોર્ડ જાગ્યું : વીજ લાઈન ઊંચી કરવાની કામગીરી હાથ ધરાઈ**

ધાનેરામાં અહેવાલ બાદ ધાનેરા નું વિદ્યુતબોર્ડ તંત્ર જાગ્યું છે અને વીજ લાઇન કરવાની તજવીજ હાથ ધરી છે. ધાનેરાના કોટડા વિસ્તારમાં ગઈકાલે વીજ વાયર નીચા હોવાના કારણે એક ઘાસ ભરેલી ગાડી માં આગ લાગી હતી જેને લઈને લોકોમાં દોડધામ મચી ગઈ હતી અને સમગ્ર બાબતે અહેવાલ બહાર પાડવામાં આવતા અને અહેવાલમાં જણાવ્યું હતું કે વીજ વાયર નીચા હોવાથી ખાસ કરેલી ગાડીને વીજવાયર અડકી જતાં આગ લાગી હતી લોકો ધ્વરા આ બાબતે ધાનેરા વિદ્યુત બોર્ડમાં વારંવાર રજૂઆત કરી હતી છતાં પણ અધિકારીઓ ધાનેરાના લોકોની વાત સાંભળવા તૈયાર ન હતા ત્યારે આ સમગ્ર બાબતે અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો ત્યારે આજે ધાનેરા નું વિદ્યુત બોર્ડના કર્મચારીઓ જાગ્યા છે અને તાતકાલી વિજલાઈન ઊંચી લેવાની તજવીજ હાથ ધરી છે ત્યારે લોકોની સમસ્યાનું નિરાકરણ થઈ જતાં લોકોએ પણ આભાર વ્યક્ત કર્યો હતો.

# જીટીયુની પરીક્ષાઓ હવે પાછી ઠેલવવાનો નિર્ણય

અમદાવાદ, તા.૧૮

જીટીયુએ પરીક્ષાની તારીખોમાં ફેરફાર કર્યો છે. દીવાળી વેકેશનમાં યોજાનારી પરીક્ષાઓ પાછળ ઠેલવાનો મહત્વનો નિર્ણય જીટીયુ સત્તાધીશો દ્વારા લેવામાં આવ્યો છે. જેના કારણે હવે વિદ્યાર્થીઓ દિવાળી વેકેશનનો લાભ માણી શકશે. દિવાળી બાદ હવે આ પરીક્ષાઓ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, જીટીયુ દ્વારા અગાઉ દિવાળીના પર્વ દરમ્યાન જ પરીક્ષા જાહેર કરાતા તેનો વિરોધ ઉઠ્યો હતો. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સાથે સાથે વિદ્યાર્થી સંગઠનો દ્વારા પણ આ પ્રકારના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેથી ઉઠેલા ભારે વિરોધ બાદ જીટીયુએ આખરે પરીક્ષા પાછી ઠેલવાનો નિર્ણય કર્યો છે. આગામી તા.૨૫ ઓક્ટોબરથી તા.૧૨ નવેમ્બર સુધી વિદ્યાર્થીઓને દીવાળી વેકેશનનો વિદ્યાર્થીઓને લાભ મળશે. તો તા.૭ નવેમ્બરથી શરૂ થતી થિયરીની પરીક્ષા હવે તા.૨૧ નવેમ્બરથી શરૂ થશે.

બીજા તબક્કાની પ્રેક્ટીકલ પરીક્ષા તા.૧ નવેમ્બરને બદલે તા.૧૪ નવેમ્બરથી શરૂ થશે. જ્યારે સેમેસ્ટર ૪ અને ૬ ની રેમેડિયલ પરીક્ષા તા.૭ નવેમ્બરને બદલે તા.૭ ડિસેમ્બરથી શરૂ થશે. આમ, જીટીયુ સત્તાવાળાઓના છેલ્લી ઘડીયે કરાયેલા આ ફેરફારના કારણે વિદ્યાર્થીઓ હવે પરીક્ષાના ટેન્શન કે તાણ વિના દિવાળીના તહેવાર અને વેકેશનને મોજ માણી શકશે.

# કોગ્નીઝન્સ પછી મેજિસ્ટ્રેટને વધુ તપાસ હુકમ કરવા સત્તા

## સુપ્રીમકોર્ટનો બહુ મહત્વનો ઐતિહાસિક ચુકાદો : મૃતક મહિલાની બોગસ સહી-ખોટા દસ્તાવેજોના આધારે જમીન પચાવવાના કેસમાં એફઆઈઆર નોંધવાનો હુકમ

અમદાવાદ, તા.૧૮

સુરતમાં જમીન કૌભાંડના એક ચકચારભર્યા કેસમાં સુપ્રીમકોર્ટે એક બહુ મહત્વનો ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે, મેજિસ્ટ્રેટ કોર્ટને કોગ્નીઝન્સ પછી પણ વધુ તપાસનો હુકમ કરવાની સત્તા છે. સુપ્રીમકોર્ટના જસ્ટિસ આર.એફ. નરીમાન, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ વી.રામા સુબ્રમણયમ્ ચુકાદામાં ઠરાવ્યું હતું કે, ચાર્જશીટ થયા બાદ મેજિસ્ટ્રેટ કોર્ટને ચાર્જફ્રેમ થયા પહેલાં એટલે કે, ટ્રાયલ શરૂ થયા પહેલાં વધુ તપાસ કરવા માટે હુકમ કરવાની સત્તા છે. મેજિસ્ટ્રેટ પોતે પણ પોતાની રીતે આપોઆપ વધુ તપાસનો હુકમ કરી શકે છે. જો કોર્ટ સમક્ષ એવી વિગતો ઉજાગર થાય કે, જેનાથી કોઈ વ્યકિતએ ગુનો કર્યો છે અથવા તો નથી કર્યો તે સંજોગોમાં આવો હુકમ થઈ શકે. આ વિષય પર જે વિરૂધ્ધના ચુકાદા હતા તે છતાં પણ સંપૂર્ણ કાયદાનું અર્થઘટન કરી સુપ્રીમકોર્ટના ત્રણ જજીસની બેન્ચે આ મહત્વનો ચુકાદો આપ્યો હતો. દરમ્યાન સુપ્રીમકોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, અરજદાર વિનુભાઈ માલવીયા તથા અન્યોએ જે ફરિયાદો કરી હતી અને તેમાં મહેસૂલ તપાસણી કમિશનર, ગુજરાત રાજયએ જે હુકમો કરી તારણ આપ્યા હતા કે, સામાપક્ષે ફોજદારી ગુનો થયો છે. ઉપરાંત, અરજદારની માતા ભીખીબહેન હયાત નહી હોવાછતાં તેમની બોગસ સહીઓ ઉપજાવી કાઢી છે અને રમણભાઈ તથા શંકરભાઈ જે હાલમાં ૪૮ અને ૫૩ વર્ષના હોઈ પોતે વર્ષ ૧૯૩૪થી જમીન ખેડતા હોવાનો દાવો કરતાં હોય તો, ૧૯૩૪માં તેમનો જન્મ પણ થયો ન હોય. આમ, સમગ્ર હકીકતો અને તારણો ધ્યાને લઈ એક અઠવાડિયામાં એફઆઈઆર નોંધવાનો હુકમ કર્યો હતો અને જેની તપાસ સુરત પોલીસ કમિશનર નક્કી કરે તે સિનિયર અધિકારીએ કરવાની રહેશે અને આ અધિકારીએ સમગ્ર કેસનો તપાસ અહેવાલ ત્રણ મહિનામાં રજૂ કરવાનો રહેશે. સુરતના વિનુભાઈ માલવીયા તથા અન્યોએ સુપ્રીમકોર્ટમાં કરેલી અપીલમાં સુપ્રીમકોર્ટના સિનિયર કાઉન્સેલ દુષ્યંત દવે અને એડવોકેટ નચિકેતા જોષીએ જણાવ્યું હતું કે, અગાઉ પૂણા ગામના શાંતાબહેન તથા અન્યોએ સુરત કલેકટર અને રાજય સરકારમાં રજૂઆત કરી હતી કે, તેમની જમીનમાં તેમના માતા ભીખીબહેનની ખોટી સહી કરી વિદેશ રહેતા રમણભાઈ ભગુભાઈ અને શંકરભાઈ ભગુભાઈના નામે ૭/૧૨માં એન્ટ્રી પાડી દવામાં આવી છે અને તે પણ ખોટા અને ઉભા કરેલ ગણોતના કાગળોના આધારે. ખરેખર તેમની જમીન વર્ષોથી તેમના પિતા ભીખાભાઈ ખુશાલભાઈના નામે ચાલી આવતી હતી અને તેમાં કોઈપણ

# દિવાળી પર્વ પૂર્વે ફટાકડાના ભાવમાં ૩૦ ટકાનો વધારો

### ફટકડા બજારમાં ગ્રાહકોનો ઓછો ધસારો : છેલ્લા પાંચ દિવસમાં ઘરાકી જામવાની તમામ વેપારીઓને ભારે આશા

અમદાવાદ, તા.૧૮

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફટાકડાના સ્ટોલ ખૂલી ગયા છે. આ વર્ષે નવી નવી જાતની



ફટાકડાની વરાઈટી બજારમાં આવી ગઈ છે, પરંતુ મંદીના માર વચ્ચે ફટાકડાના ભાવમાં ૩૦થી ૩૫ ટકા સુધીનો વધારો થયો છે. મંદીના માહોલ વચ્ચે ફટકડા બજારમાં લોકોની ઓછી ભીડ અને ગ્રાહોકના ઓછા ધસારાના કારણે એકબાજુ વેપારીઓમાં ચિંતા પ્રસરેલી જોવા મળી રહી છે તો બીજીબાજુ, અમદાવાદ સહિત રાજયના પ્રજાજનો દિવાળીની મોંઘવારી અને મંદીના માર વચ્ચે ભારે ઉત્સાહ સાથે દિપાવલી પર્વની ઉજવણી કરવા આતુર બન્યા છે. દિવાળીનો તહેવાર નજીક આવતાં જ બાળકો તેમજ યુવાનોમાં અનેરો આનંદ છવાઈ જાય છે અને નવી-નવી વસ્તુઓની ખરીદી કરવા લાગી જાય છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આ વર્ષે ફટાકડાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. હાલ ફટાકડા બજારમાં પાંચ રૂપિયાથી શરૂ થઈને છ હજાર રૂપિયા સુધીના ફટાકડા વેચાઇ રહ્યા છે. શહેરમાં ૫૦૦ થી વધુ વરાઈટીના નાના-મોટા અને અલગ-અલગ પ્રકારના જાતજાતના અને ભાતભાતના ફટાકડા મળી રહ્યા છે. બાળકોમાં કલર સાવર, મેજિક બોનાન્ઝા, જાદુઈ તળાફળી, દશ કલર પેન્સિલ, સુમો બાક્સ, જમીન ચક્કર, ભંભુ, ફૂલઝરી, રોકેટ ફેવરિટ રહ્યાં છે. બાળકો વધુ પડતાં આ વરાઈટીના જ ફટાકડાની પસંદગી કરે છે તો યુવાનોમાં સૂતળી બોમ્બ, વિક્ટર બોમ્બ, વોલ્વો બોમ્બ, કમાન્ડર બોમ્બ, ૨૪૦ શોટ, ૫૦૦ શોટ, ૧૦૦૦ શોટના ફટાકડાએ આકર્ષણ જગાવ્યું છે. તો આ વર્ષે આકાશી બોમ્બ, મ્યુઝિકલ આકાશી બોમ્બ, નવી વરાઈટીના ફટાકડા ૫૦ રૂપિયાથી લઈને રૂ. પાંચ હજારથી આઠ હજાર સુધીના ભાવે બજારમાં વેચાઈ રહ્યા છે.

તેમજ આ વર્ષે બાળકો માટે અવાજ વગરની વરાઈટી પણ માર્કેટમાં આવી ગઈ છે, જેથી બાળકોને કોઈ નુકસાન ન થાય તો આ વર્ષે ફટાકડામાં જીએસટી કારણે પણ મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વર્ષે એક પણ ફટાકડા બજારમાં ચાઈનીઝ ફટાકડાનું વેચાણ કરવામાં આવતું નથી. ચાઈનીઝ ફટાકડાની આવક પણ બંધ છે તો બીજી બાજુ વેપારીઓ પણ ચાઈનીઝ ફટાકડાની ખરીદી કરતા નથી.આ બાબતે શહેરના હોલસેલ ફટાકડાના વેપારીઓએ જણાવ્યું કે, આ વખતે ફટાકડા બજારમાં ૩૦ ટકાથી વધુનો ભાવ વધારો થયો છે.

# અમદાવાદની સ્કૂલોમાં ચોરી કરતા બે શખ્સો પકડાઈ ગયા

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી સ્કૂલોને ટાર્ગેટ કરી ચોરી કરતા દાહોદના બે શખ્સોની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. બંને આરોપીઓ દિવસ દરમિયાન મજૂરી કામ કરી રાત્રિના સમયે શહેરની જુદી જુદી સ્કૂલોને ટાર્ગેટ કરી ચોરી કરતા હતા. પોલીસે બંને આરોપીઓ સામે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે આરોપી ઉમેશ ઉર્ફે કાળું કટારા અને મનીષ સંગાડીયા (બંને. રહે જિ. દાહોદ)ને ઝડપી રોકડ રૂ. ૯૬૦૦, ડિસમિસ તેમજ અન્ય સાધન કબ્જે કર્યા હતા. બંને આરોપીઓએ કૃષ્ણનગર, નરોડા, નિકોલ, ઓઢવ અને રામોલ વિસ્તારમાં આવેલી સ્કૂલોને ટાર્ગેટ કરી ચોરી કરી હતી. પોલીસે શાળાઓમાં ચોરી કરાયેલા મુદ્દામાલની તપાસ શરૂ કરી છે. આરોપીઓની પૂછપરછ દરમ્યાન એ વાતનો પણ ખુલાસો સામે આવ્યો હતો કે, બંને આરોપીઓ દિવસના સમયે મજૂરીકામ કરતાં હતા અને રાત્રિના અંધકારમાં પૂર્વ વિસ્તારની શાળાઓને ટાર્ગેટ કરી ત્યાં હાથ સાફ કરતા હતા. રાત્રિના સમયે શાળાઓના સંકુલમાં કોઇ નહી હોવાના કારણે ચોરીની ઘટનાને અંજામ આપવો આસાન હોવાથી આરોપીઓ સ્કૂલોમાં ચોરી કરતા હતા. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં બંને આરોપીઓની પૂછપરછના આધારે તપાસનો દોર જારી રાખ્યો છે.



**ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના હોદ્દેદારો દ્વારા કલેક્ટરની શુભેચ્છા મુલાકાત**

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના હોદ્દેદારો જિલ્લા ચીફ કમિશનર રતીલાલ સી. જોષી, પ્રમુખ દિનેશભાઈ વ્યાસ, જિલ્લા સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા, જિલ્લા મંત્રી શ્રીમતી અંજનાબેન ચૌધરી, કારોબારી સભ્યો, જિલ્લામાં આવેલા નવા કલેક્ટર કુલદીપ આર્યનની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સ્કાઉટ પ્રવૃતિના વિકાસની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કલેક્ટરે સ્કાઉટ પ્રવૃત્તિમાં જિલ્લાની તમામ શાળો જોડાય તેમજ એન.સી.સી. એન.એસ.એસ. પ્રવૃતિ હોય તે સિવાયની તમામ શાળાઓમાં આ પ્રવૃતિના વિકાસમાં મારો સંપૂર્ણ સહયોગ રહેશે. જિલ્લા ચીફ કમિશનરે સ્કાર્ફ પહેરાવી જિલ્લાના આ પ્રવૃતિના પેટ્રન તરીકે સન્માનિત કર્યા હતા. પ્રમુખ દિનેશભાઈ વ્યાસે આ પ્રવતિ માટે મુલાકાત આપી સહકાર આપવા બદલ આભાર માન્યો હતો. તેવુ જિલ્લા ચીફ કમિશનર રતિલાલ સી. જોષીએ જણાવ્યુ હતુ.

### મંજુર નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિનિધિઓએ સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યું છે કે, સુન્ની વક્ફ બોર્ડ સિવાય અન્ય કોઈપણ પક્ષને સમજૂતિ મંજુર નથી. સમજૂતિની શરતો જે લીક કરવામાં આવીછે તે અમને મંજુર નથી.

### એટેકથી મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કન્સ્ટ્રક્શન કંપની એચડીઆઈએલ દ્વારા બેંકને ૪૩૦૦ કરોડ રૂપિયાનો ચુનો લગાવવામાં આવ્યો હતો જેના કારણે બેંકની કમર તુટી ગઈ છે. સાથે સાથે રિઝર્વ બેંકે આના પર છ મહિના માટે અનેક પ્રકારના પ્રતિબંધો લાગૂ કરી દીધા છે. હવે બેંકના ખાતા ધારક છ મહિનાના પ્રતિબંધની અવધિમાં માત્ર ૪૦ હજાર રૂપિયા જ ઉપાડી શકે છે. મુંબઈના નિવાસી સંજય ગુલાટીનું સોમવારના દિવસે મોત થયું હતું. આ પહેલા પણ મુંબઈના મુલુંદ વિસ્તારમાં રહેતા ફતેમલ પંજાબનું મંગળવારના દિવસે મોત થયું હતું. બેંક માટે ઘરેથી નિકળ્યા હતા ત્યારે જ હાર્ટએટેકનો હુમલો થયો હતો. પીએમસી બેંકના ખાતા ધારકોના દેખાવમાં નિયમિત હિસ્સો લેનાર પંજાબીના બેંકમાં આઠથી ૧૦ લાખ રૂપિયા હતા. ફતેમલ પંજાબીના નજીકના સાથીઓ અને પડોશીઓના કહેવા મુજબ અનેક પ્રકારના નાના મોટા કારોબારીઓ પણ મુશ્કેલીમાં મુકાઈ ચુક્યા છે. તેઓ એક કેબલ નેટવર્ક ચલાવી રહ્યા હતા. સાથે સાથે તેમની મોબાઈલની દુકાન પણ હતી. પંજાબી ધાર્મિક વ્યક્તિ તરીકે હતા જે નજીકના ગુરુદ્વારામાં નિયમિતરીતે જતા હતા. ગુરુદ્વારાની સામે જ તેમની ગીતા ઈલેક્ટ્રીકલ નામની દુકાન હતી. પીએમસીમાં હાલમાં કૌભાંડના કારણે હાલત કફોડી બનેલી છે. પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કોઓપરેટિવ (પીએમસી) બેંક કોંભાડના મામલામાં બેંકની આંતરિક તપાસ ટીમે એક ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. ટીમે કહ્યુ છે કે બેંકના રિકોર્ડમાંથી કુલ ૧૦.૫ કરોડની રોકડ રકમ ગાયબ થયેલી છે. તપાસ ટીમને એચડીઆઇએલ અને તેની સંબંધિત કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલા કેટલાક ચેક મળી આવ્યા છે. આ ચેક બેંકમાં ક્યારેય જમા કરવામાં આવ્યા ન હતા. છતાં તેમને કેશ રકમ આપવામાં આવી હતી. સાથે સાથે એક હેરાન કરનાર બાબત એ પણ છે કે આ કોંભાડ ૪૩૫૫ કરોડમાં નહીં બલ્કે ૬૫૦૦ કરોડમાં છે. પીએમસી બેંકની આંતરિક તપાસ ટીમને જે ચેક મળ્યા છે તે ૧૦ કરોડ રૂપિયાથી વધારેના છે.

### ભલામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને સાથોસાથ મહારાષ્ટ્ર નેશનલ લૉ યુનિવર્સિટી, મુંબઈ અને મહારાષ્ટ્ર નેશનલ લૉ યુનિવર્સિટી નાગપુરના ચાન્સેલર પણ છે. તેમનો જન્મ ૨૪ એપ્રિલ, ૧૯૫૬ના રોજ નાગપુરમાં થ્હયો હતો. તેમના પિતાનું નામ શ્રીનિવાસ બોબડે છે. શરદ અરવિંદે નાગપુર યૂનિવર્સિટીમાંથી બીએ અને એલએલબી ડિગ્રી લીધી છે. શરદ અરવિંદ બોબડે અપર ન્યાયાધીશ તરીકે ૨૯ માર્ચ ૨૦૦૦ના રોજ બોમ્બે હાઈકોર્ટની ખંડપીઠનો ભાગ બન્યા.

૧૬ ઑક્ટોબર ૨૦૧૨ના રોજ મધ્ય પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા. ૧૨ એપ્રિલ ૨૦૧૩ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ તરીકે નિમાયા હતા. જસ્ટિસ બોબડેનો કાર્યકાળ ૨૩ એપ્રિલ ૨૦૨૧ના રોજ પુરો થશે. બોબડે છેલ્લા ૮ વર્ષથી સુપ્રીમ કોર્ટમાં ફરજ બજાવી રહ્યાં છે.

### તોડી નંખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોલોનીના નિર્માણનુ કામ પણ ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં આવાસ માટેની પ્રતિક્ષા યાદી દિન પ્રતિદિન મોટી થતી જાય છે. સરકારી કર્મચારીઓને આવાસ ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. નવા આવાસો ઝડપથી નિર્માણ કરવામાં આવે તેમજ હજુ પણ આવાસો માટેની સાઈટ નક્કી કરવાની પ્રક્રીયા પણ ત્વરિત પુર્ણ કરી કામ શરૂ કરી દેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

### રીનોવેશન કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફલોરીંગ, સિક્યુરીટી કેબીન, કમ્પાઉન્ડ વોલ,કલર કામ ફર્નિચર તેમજ બગીચા અને ટોઈલેટ બ્લોકનુ કામ પણ હાથ ધરાશે. આ ઉપરાંત કચેરીમાં આંતરિક રસ્તાનુ પણ નવિનીકરણ કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરાશે. હાલ આ બિલ્ડીંગ જર્જિરત હાલતમાં છે. ભીતો પરથી પોપડા ખરી રહ્યા છે. બે મજલાના આ બિલ્ડીંગના રીનોવેશનની સાથે કોર્પોરેટ લુક ધરાવતુ ફર્નિચર પણ કરવામાં આવશે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે કામગીરી શરૂ કરી દેવાશે.

### ૧-૪નો સેવાસેતુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૪નો સેવાસેતુ કાર્યક્રમ સે. ૨૮ના રંગમંચ પર યોજવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ, ડે. મેયર નાઝાભાઈ ધાંધર, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહેનાર છે.

સેવાસેતુમાં ૫૨ થી વધુ વ્યક્તિગત સેવાઓ આપવામાં આવનાર છે. પાંચમા તબક્કાનો આ પ્રથમ સેવાસેતુ હોવાથી તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર તાલુકાનો બીજો સેવાસેતુ કાર્યક્રમ શેરથા ખાતે યોજવામાં આવ્યો છે. આ માટે પણ તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. જેમાં આસપાસના પાંચ ગામ આવરી લેવામાં આવેલ છે.